(૧)

માન. અધ્યક્ષ શ્રી,

હર હાથકો કામ હર ખેતકો પાની ના મંત્ર સાથે કામ
કરતી સરકાર દેશ અને ગુજરાતનો વિકાસ કરવો હોય
તો પ્રથમ પીવાનું તથા ખેતી માટે પાણી મહત્વનું પાસું
છે. અને આ મંત્ર ને સમજીને (સંપતમાન [illegible] કામ કરેલ) વર્ષો થી પાણી હોવા
છતાં ઈચ્છા શક્તિના અભાવથી ગુજરાત ના (૧) સૌરાષ્ટ્ર (૨) કચ્છ (૩) બનાસકાંઠા ઉત્તર ગુજરાત
વંચિત રહ્યું. દેશના પ્રધાન મંત્રી ગુજરાત ના મુખ્ય મંત્રી
હતા તયારે નર્મદાના પીવા ના પાણી નહેરો દ્વારા ખેતીના
પાણી માટે અગ્રીમતા આપી અને ખર્ચની ચિંતા કર્યા
વગર યોજના ખાતે વેગ આપ્યો અને હાલે મુખ્યમંત્રી શ્રી
એ પણ આ ગતિ ને જાળવી રાખી છે તે અતિ આવકાર
દાયક છે.

# યોજનાની પ્રગતિની તવારીખ

માનનીય અધ્યક્ષ શ્રી,

- જોકે રાજ્યની આ ભૌગોલિક અને કુદરતી સમસ્યાનો ઉકેલ ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલે વર્ષો પહેલા જ વિચારી લીધો હતો, નર્મદાના નીરમાં....

માનનીય અધ્યક્ષ શ્રી,

- ૧૯૫૯માં આ યોજના માટે પ્રથમ વખત વિધિવત દરખાસ્ત થઇ.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ૫ એપ્રિલ ૧૯૬૧ના રોજ નર્મદા બંધનો શિલાન્યાસ થયો પણ પાણીની વહેંચણી બાબતે ભાગીદાર રાજ્યો સાથે સંમતિ ના થઇ.

માનનીય અધ્યક્ષ શ્રી,

- તે દરમ્યાન ૧૨ જુલાઈ ૧૯૭૪ના દિવસે ચારેય રાજ્યો, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાત વચ્ચે પાણીની કુલ ઉપલબ્ધતા વિષે સંમતિ થઈ.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ૧૨ ડીસેમ્બર ૧૯૭૯ના રોજ ટ્રિબ્યુનલનો આખરી ચુકાદો ગેઝેટમાં પ્રસિધ્ધ થતાંની સાથે જ નર્મદા યોજના એ મૂર્તિમંત સ્વરૂપ લીધું.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ૧૨૧૦ મીટર લાંબા અને પાયાથી ૧૬૩ મીટર ઊંચા આ કોક્રીટ ગ્રેવીટી ડેમના બાંધકામનો ઇજારો તો એપ્રિલ ૧૯૮૭માં અપાયો અને તે પણ ૧૧૦ મહીનાની સમય મર્યાદા સાથે એટલે કે, કામ જૂન ૧૯૯૬ સુધીમાં પૂર્ણ કરવાનું હતું.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- વળી ૧૯૯૮-૯૯ માં અદાલતે મંજુરી આપતાં ઉંચાઇ ૮૫ મીટર સુધી પહોંચી.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- વર્ષ-૨૦૦૧ માં મુખ્યમંત્રી તરીકે રાજયની શાસન ધુરા સંભાળી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીએ....

માનનનીય અધ્યક્ષ શ્રી,

- સરકારના વિકાસલક્ષી એજન્ડામાં નરેન્દ્રભાઈએ પાણીને ખાસ પ્રાધાન્ય આપ્યું અને તે માટેની ખૂબ જ મોટી નાણાંકીય

જરૂરિયાતો હોઇ, ગુજરાતના પ્લાન બજેટમાં નોંધપાત્ર વધારો કરીને તેમાંથી પાણી અને નર્મદા માટે વિશેષ જોગવાઈ કરી.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- દઢ રાજકીય ઇચ્છા શક્તિ અને નિર્ણયશક્તિ સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર યોજનાને આપી ટોચની અગ્રતા....

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ભાગીદાર રાજ્યોનો સહકાર મેળવી તેમજ નાણાંકીય સ્ત્રોતની પૂરતી વ્યવસ્થા ગોઠવી જુલાઈ ૨૦૦૨ માં બંધની ઉંચાઈ ૯૫ મીટર, જુલાઈ ૨૦૦3માં ૧૦૦ મીટર અને 3૦ જુન ૨૦૦૪ ના રોજ ૧૧૦.૬૪ મીટર સુધી પહોંચાડવામાં આવી.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ઓગષ્ટ-૨૦૦૪ થી ડીસેમ્બર ૨૦૦૪ માં ૨૫૦ મેગાવોટ ક્ષમતા ધરાવતાં કેનાલ હેડ પાવર હાઉસને કાર્યાન્વિત કરાયુ અને ફેબ્રુઆરી ૨૦૦૫ થી જૂન ૨૦૦૬ સુધીમાં ૧૨૦૦ મેગાવોટના રીવરબેડ પાવર હાઉસ પણ ધમધમતા થઈ ગયાં. વીજ ઉત્પાદન શરૂ થઈ શકતાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સહકાર વધુ દ્રઢ થઈ શક્યો.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- વર્ષ ૨૦૦૨ માં નર્મદાના નીર સૌરાષ્ટ્ર શાખા નહેરમાં વહેતા થયા અને ૧૮ મે ૨૦૦૩ના રોજ પાઈપલાઈન મારફતે કચ્છમાં ભુજ સુધી પહોંચ્યા.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છની પ્રજાનો વર્ષોનો ઈંતેજાર ખતમ થયો અને યોજનાના વિરોધીઓનો જે અપપ્રચાર હતો કે 'નર્મદાના નીર કદીએ કચ્છ સુધી નહીં પહોચે' તેને યોગ્ય જવાબ મળી ગયો.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ત્રણ થી ચાર હજાર જેટલાં ગામોને દર વર્ષે રોડ ટેન્કરથી પાણી પૂરું પાડવું પડતું હતું તે સંખ્યા ઘટીને ૬૦૦ સુધી આવી ગઈ અને તે મુજબ આવા હંગામી ઉકેલો પાછળ કરવો પડતો ખર્ચ પણ ઘટી ગયો. લોકોની રોજિંદી મુશ્કેલી દૂર થતી ગઈ અને પીવાના પાણીનો દુકાળ એ ભૂતકાળ બનતો ગયો.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- નર્મદા યોજનાના વિરોધીઓ દ્વારા એક યા બીજા કારણ દર્શાવી કાયદાકીય ગૂંચ ઉભી કરવાના પ્રયત્નો ચાલુ જ રહ્યા પરંતુ કુશળ નેતૃત્વને કારણે ગુજરાત પોતાનો પક્ષ દ્રઢતાથી રજુ કરી શક્યુ.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- વર્ષ ૨૦૦૬ ધ્યેય હતો બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાનો.પર્યાવરણ અને પૂનર્વસનના પેટા-જૂથોની ભલામણ પછી ૮ માર્ચ ૨૦૦૬ ના રોજ નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજુરી મળી અને કામનો પ્રારંભ થયો.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ બીજા દિવસે એટલે કે, ૧૬ એપ્રિલ ૨૦૦૬ ના રોજ ઉપવાસ આરંભ કરી ગુજરાતને થતા અન્યાય સામે મક્કમ લડત આપી. સર્વોચ્ચ અદાલતના નિર્ણય પછી કામ આગળ ચાલ્યુ અને ડીસેમ્બર ૨૦૦૬ માં બંધ ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ હાંસલ કરી શક્યો. સંગ્રહક્ષમતા વધી અને જળવિદ્યુતનું ઉત્પાદન પણ.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- માર્ચ ૨૦૦૮ માં ૪૫૮ કિ.મી લાંબી વિશ્વની સિંચાઈ માટેની સૌથી મોટી નહેર-નર્મદા મુખ્ય નહેરનું કામ પૂર્ણ કરી પાણી રાજસ્થાન સુધી વહેવડાવવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષ શ્રી,

- વર્ષ ૨૦૦૯ માં સૌથી મોટી શાખા નહેર - સૌરાષ્ટ્ર શાખા નહેર તેના પાંચ પંપીંગ સ્ટેશન સાથે પૂર્ણ કરી ૭૧ મીટરના ઉદ્વહન સાથે પાણી ધોળીધજા ડેમમાં પહોંચ્યા.

માનનીય અધ્યક્ષ શ્રી,

- વર્ષ 2000 માં આશરે 6,500 કિલોમીટર લંબાઇના નહેરોના કામો થયેલા હતા જ્યારે આજે 47,100 કિલોમીટર પુર્ણ થયેલ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ૧૨ જૂન ૨૦૧૪ ના રોજ એટલે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના ૧૭ મા દિવસે બંધને પૂર્ણ ઉંચાઈ સુધી લઈ જવાની તથા ખુલ્લા રાખવાની સ્થિતિમાં દરવાજાની લગાડવાની મંજુરી મળી. તે જ દિવસથી કામનો આરંભ કરી અવિરત ચાલુ રાખી નિયત સમય મર્યાદા કરતાં ૯ માસ વહેલું પૂર્ણ કરાયું.

# દરવાજા બંધ કરવાથી થનાર ફાયદા

માનનીય અધ્યક્ષ શ્રી,

- પાણી ની સંગ્રહ ક્ષમતામાં ૩.૭૫ ગણો વધારો.

માનનીય અધ્યક્ષ શ્રી,

- વધારાનુ ૩.૪૮ મિલીયન એકર ફૂટપાણી સંગ્રહ થઇ શકશે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- જળ વિધ્યુતના ઉત્પાદન માં આશરે ૪૦% નો વધારો.

માનનીય અધ્યક્ષ શ્રી,

- ઉપરાઉપરી પાણીની તંગીના વર્ષોમાં ડેમમાં પાણીનો સંગ્રહ આશીર્વાદરૂપ.

(3)

માનનીય અધ્યક્ષ શ્રી,

- સરદાર સરોવર યોજનામાં નહેર માળખાના ૬૯,૪૯૭ કિ.મી. લંબાઇના વિશાળ કામો કરવાના થતા હતા. જેમાં આશરે ૫૨,૦૦૦ હેકટર થી પણ વધુ ખાનગી જમીન, ૫,૮૦૦ હેકટર થી વધુ સરકારી જમીન અને ૬૭૫ હેકટર થી વધુ જંગલખાતાની જમીન સંપાદન કરવાની થતી હતી. તેમજ વિવિધ પ્રકારની નહેરોને ક્રોસ થતા રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલિફોન/ઇલેક્ટ્રીક લાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મેળવવાની રહેતી હતી.

માનનીય અધ્યક્ષ શ્રી,

- મુખ્ય નહેર નું બાંધકામ વર્ષ ૨૦૦૮ માં પૂર્ણ થયેલ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- પ્રશાખા (માઇનોર) નહેરોની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ છે. ટકાવારીની દ્રષ્ટીએ ૯૩% ટકા કામ પૂર્ણ થયેલ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

- એકંદરે ૬૩,૭૭૩ કિ.મી. લંબાઇનું નહેર માળખાનું કામ પૂર્ણ થયેલ છે. જેનો લાભ યોજનાના પિયત વિસ્તારના ખેડૂતોને મળી રહેલ છે. હાલની પરિસ્થિતિ મુજબ કુલ ૧૭.૯૨ લાખ હેકટર સિંચાઇ ક્ષમતા પૈકી પ્રશાખા નહેરો (માઇનોર નહેર) સુધીની ૧૭.૨૧ લાખ હેકટર સિંચાઇક્ષમતા ઉત્પાદિત થયેલ છે

અને પ્ર-પ્રશાખા (સબ માઇનોર) સુધીની ૧૫.૫૩ લાખ હેકટરના વિસ્તાર વિકાસના કામો પૂર્ણ થયેલ છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- ભૌગોલિક દૃષ્ટિએ કચ્છ જિલ્લો રાજ્યમાં સૌથી મોટો જિલ્લો છે. રાજ્યના કુલ વિસ્તારના અંદાજે ૨૪% વિસ્તાર કચ્છ જિલ્લાનો છે. પરંતુ, કચ્છમાં અડધાથી વધારે રણ અને વેરાન વિસ્તાર ~~છે~~ હતા. ઉનાળાની શરૂઆતમાં કચ્છમાંથી ખાસ કરીને માલધારીઓ અન્ય પ્રદેશમાં સ્થળાંતર કરતાં જોવા ~~મળે છે~~ મળતા હતા અને કચ્છ વર્ષોથી પાણીની કારમી તંગીનો સામનો કરતું હતું ~~આવ્યું છે~~. આવી વિકટ પરિસ્થિતિને પડકાર આપવા અને કચ્છની ધરાની તરસ છીપાવવા સરકારશ્રીએ નર્મદા મૈયાનાં નીરથી કચ્છની ધરતીને પાવન કરવાનું સરાહનીય અને ભગીરથ કાર્ય કર્યું છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૮૫.૮૧ કિમી.થી બનાસકાંઠા જિલ્લાના સલીમગઢ ગામ પાસેથી કચ્છ શાખા નહેર નીકળે છે. જે નર્મદા યોજનાની તમામ ૩૮ શાખા નહેરોમાં સૌથી લાંબી છે. કચ્છ શાખાની કુલ લંબાઇ ૩૫૭ કી.મી છે. જે પૈકી સાંકળ ૮૨ કિમી. સુધી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઇ કચ્છ જિલ્લામાં પ્રવેશે છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છ જિલ્લાના કુલ ૧૮૨ ગામોના ૧,૧૨,૭૭૮ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છ જિલ્લામાં પ્રવેશતાં જમીન ચઢાવ વાળી હોઇ જુદી જુદી ત્રણ જગ્યાએ પમ્પીંગ સ્ટેશન બાંધવાનું આયોજન કરેલ છે .જેના થકી કુલ ૫૫.૧૪ મીટર એટલે કે ૧૮ માળ ઉંચાઇ સુધી પાણીનું ઉદ્વહન કરી નહેરમાં પાણી વહેવડાવવામાં આવે છે. આ ત્રણ પમ્પીંગ સ્ટેશનનું પ્રથમ અને બીજા તબક્કાનું વિસ્તરણનું કામ પણ પૂર્ણ થયેલ છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા દૂર કરવા આગોતરા આયોજનના ભાગ રૂપે સૌરાષ્ટ્ર શાખા નહેરની માળીયા શાખાની સાંકળ ૧૩૫ કિમી. ઉપરથી પમ્પીંગ કરી કચ્છ જિલ્લામાં પાઇપલાઇન મારફત ઘરવપરાશના હેતુસર પાણી પહોંચાડવાનું આયોજન અને અમલીકરણકરેલ હતું. કચ્છમાં વિકાસ પામી રહેલા ઉદ્યોગોને પણ પાઇપલાઇન મારફત પાણી આપવામાં આવી રહેલ છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છમાં આવેલ ટપ્પર તથા અન્ય જળાશયોને નર્મદાના પાણીથી ભરી ઉનાળામાં પીવાનું પાણી ઉપલબ્ધ કરવામાં આવેલ છે, જેનાથી કચ્છમાં પીવાના પાણીની સમસ્યા મહદ્અંશે દૂર થયેલી છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છ શાખા નહેરના વિતરણ પધ્ધતિની નહેરોનાં કામો પૂરજોશમાં ચાલી રહેલ છે, કામગીરીને વિઘ્નરૂપ થતા પ્રશ્નો જેવા કે, ફળાઉ ઝાડના ખેતરોમાં પાઇપ નાખવામા ખેડૂતોનો વિરોધ, રોડ-રસ્તા-રેલ્વે-ઓઈલ- ગેસ પાઈપલાઈન/ ઈલેક્ટ્રીક લાઈન વિગેરેના ક્રોસીંગ જંગલ ખાતાની સંપાદન કરવાની જમીન વગેરે જેવા પ્રશ્નોનો ઉકેલ લાવી વહેલી તકે કામો પૂર્ણ કરવા આ સરકાર પ્રયત્નશીલ અને કટિબધ્ધ છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છ જીલ્લામાં નર્મદાનું શુધ્ધ પાણી ૮૭૭ ગામો અને ૧૪ શહેરોને પૂરૂ પાડવામાં આવી રહેલ છે.

માનનનીય અધ્યક્ષ શ્રી,

- કચ્છ શાખા નહેરની કુલ લંબાઇ ૩૫૭.૮૧ કિમી. છે.જે ઓગષ્ટ-૨૦૨૨માં પૂર્ણ થયેલ છે. નર્મદા ડેમથી આશરે, ૭૪૨ કિ.મી દુર માંડવી તાલુકાના મોડકુબા ગામ પાસે નર્મદાના પાણી

પહોંચાડ્યા છે માન. વડાપ્રધાનશ્રીએ તા.૨૮/૦૮/૨૦૨૨ ના રોજ કચ્છ શાખા નહેરનું લોકાર્પણ કરેલ છે.